# ૨૩ જાન્યુઆરી, ૨૦૨૬

## ૩૫૮. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક :–

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ માટેની સમિતિની બેઠક મંગળવાર, તા.૩૦/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૨:૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે આવેલ સમિતિ ખંડ–૩માં મળી હતી.

સમિતિની આ બેઠકમાં તા.૨૬/૧૧/૨૦૨૪ના રોજ મળેલ બેઠકમાં શિક્ષણ વિભાગની બાકી રાખેલ તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં શિક્ષણ વિભાગના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પ્રભાગ હેઠળના નિયામક/કમિશ્નર કચેરીઓ, બોર્ડ અને નિગમો તથા વિભાગ તરફથી સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના અધિકારીઓ/કર્મચારીઓની નોકરીમાં સંખ્યા અને ટકાવારી તેમજ રાજ્ય સરકારની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓ માટેની જુદી–જુદી યોજનાઓની અમલવારી અંગેના સાહિત્યની તપાસ હાથ ધરી હતી.

સમિતિની તા.૨૬/૧૧/૨૦૨૪ની બેઠકમાં તાલુકા શિક્ષણ અધિકારી અને કેળવણી નિરીક્ષકની ભરતી સંબંધમાં વિભાગે આપેલ પ્રત્યુત્તરની વધુ તપાસ બાબતમાં સમિતિની આ બેઠકમાં વિભાગે જણાવ્યું હતું કે, તાલુકા શિક્ષણ અધિકારીની પરીક્ષા લેવાઈ ગયેલ છે અને પરીણામ આવવાનું બાકી છે. જ્યારે કેળવણી નિરીક્ષક ભરતી માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે રાજ્ય પરીક્ષા બોર્ડને ઈન્ડેન્ટ મોકલી આપેલ છે. સમિતિએ શાળાઓમાં શિક્ષકોની ઘટ નિવારવા તથા ડમી શિક્ષકોની સમસ્યા દૂર કરવા તેમજ શાળાઓના મકાનો/ઓરડાઓની ઘટ તથા તેના બાંધકામમાં થતા વિલંબને ઘટાડવા અંગે ચર્ચા કરી હતી. સમિતિએ ટ્યુશન કલાસિસના રજીસ્ટ્રેશન અંગે ધારા–ધોરણોની ચર્ચા કરી હતી. તેના જવાબમાં વિભાગે જણાવ્યું હતું કે, નામદાર સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિકાના આધારે પ્રસ્તુત બાબત સંબંધે હાલ કમિટીની રચના થયેલ છે. કમિટીના રિપોર્ટના આધારે તેના માટે એક્ટ અને રૂલ્સ બનશે.

સમિતિનો નિર્ણય : શાળાઓમાં ડમી શિક્ષકોની સમસ્યા દૂર કરવા માટે ફેસ રીડીંગ અને જીઓ ફેસીંગ એટેન્ડન્સ માટે સમિતિએ ભલામણ કરી હતી. તથા શાળાના બિલ્ડીંગનું બાંધકામ સમય મર્યાદામાં પુરા થાય અને વધુમાં વધુ એક વર્ષમાં બની જાય એવું નક્કર આયોજન થાય એ માટે સમિતિએ ભલામણ કરી હતી.

સમિતિની બેઠક બપોરના ૩:૩૩ કલાકે પૂરી થઈ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડયા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**